# પાલનપુર ગુરુનાનક ચોકમાં ચાલતું બોગસ કોલ સેન્ટર પકડાયું

## રૂ.૩.૯૦ લાખના મુદ્દામાલ સાથે પાલનપુર એલસીબીએ ૧૧ શખ્સોની ધરપકડ કરી

પાલનપુર, તા.૩

પાલનપુર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે પાલનપુર શહેરના ગુરુનાનક ચોક નજીક એક ચોકની સામે આવેલા શિવશંકર પેટ્રોલ પંપ પાછળ એક મકાનમાં બોગસ કોલ સેન્ટર ધમધમી રહ્યું છે. પાલનપુર ગુલમહોર બંગ્લોઝમાં રહેતા અસ્ફાક



મકાનમાં દરોડો પાડી અમેરીકન નાગરીકો સાથે ડોલરમાં છેતરપિંડી કરતા ૧૧ શખ્સોને દબોચી લીધા છે. એલસીબીએ કોમ્પ્યુટર સહિત રૂ.૩.૯૦ લાખના મુદ્દામાલ સાથે આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર ચલાવતા ૧૧ ભેજાબાજોની ધરપકડ કરી ગુનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

બનાસકાંઠા એસપી નિરજ બડગુર્જરની સુચનાથી ઈન્ચાર્જ એલસીબી પીઆઈ જે.એચ.સિંધવે તેમની ટીમને પોતના વિસ્તારમાં ચાલતા બોગસ કોલ સેન્ટર અંગે માહિતી એકત્ર કરવા સુચના આપી હતી. તેમની ટીમને ચોક્કસ માહિતી મળી કે પાલનપુરના ગુરુનાનક અહેમદ સફીઉલ્લાહખાન કાઝી મકાન ભાડે રાખી ભેજાબાજોને બેસાડી અમેરીકન નાગરીકોને છેતરી આઈ ટયુન મારફતે ડોલરમાં રૂપીયા ઉઘરાવતા હતા. જેના આધારે ટીમે દરોડો પાડી રૂ. ૩,૮૯,૮૦૦ મુદામાલ સાથે ૧૧ શખ્સોની ધરપકડ કરી દીધી છે. જેમાં આમીર મકરાણી, મઝહરખાન પઠાણ, સંદીપ રાજપૂત, ઈમરાનખાન પઠાણ, અહેસાનઉલ્લા કાઝી, દિપકભાઈ સેનાપતિ, રોહન નાયક, પંકજ નાયક, અપરીત ગુપ્તા, જોયલ પરમાર, અને અસ્ફાક એહમદ કાઝીનો સમાવેશ થાય છે.

## વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ યોજાશે

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો તેમજ નૂતનવર્ષ નિમિતે સ્નેહમિલન કાર્યક્રમ અગામી તા.૫ નવેમ્બરને રવિવારના રોજ બપોરે ૨ કલાકે વિશ્વકર્મા સેવા સમાજ સંકુલ સે-૧૨ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં સમાજના સૌ ભાઈ બહેનોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## કાયદા લવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જમીનની સુરક્ષા અને અધિકારો માટે આ નવો રાષ્ટ્રીય કાયદો લાગુ કરવામાં આવશે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના અત્યાચારી અને અન્યાયી શાસનમાં આજે ગુજરાતમાં તમામ લોકો દુઃખી છે, દરેક સમાજ અને વર્ગ દુઃખી છે, કોઈ ખુશ નથી. ગુજરાતમાં દરેક સમાજ આજે આંદોલન કરવા મજબૂર બન્યો છે. કારણ કે, ભાજપે લોકોને વાયદાઓ કરી તે પાળ્યા નથી પરંતુ કોંગ્રેસ આવું નહી કરે. કોંગ્રેસ ખોટા વાયદાઓ આપવામાં માનતી નથી પરંતુ જનતાના દુઃખ, દર્દના નિવારણમાં માનનારી પાર્ટી છે. કોંગ્રેસની સરકાર આવશે તો, ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના દુકાનદારો, વેપારીઓ અને ઉદ્યોગકારો સહિત તમામ લોકોના પ્રશ્નોનું નિવારણ કરશે.

# મહેસાણા બેઠકનો આ છે ઈતિહાસ

મહેસાણા, તા. ૩

મહારાષ્ટ્રમાંથી અલગ રાજ્ય બન્યા બાદ ગુજરાતમાં વિધાનસભાની મહેસાણા બેઠક માટે વર્ષ ૧૯૬૨માં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસના મહિલા ઉમેદવાર શાંતાબેન પટેલ વિજયી થતાં મહેસાણાના પ્રથમ મહિલા ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ અત્યાર સુધી ૧૩ વખત મહેસાણા વિધાનસભા બેઠક માટે ચૂંટણી યોજાઈ ચુકી છે.




મહેસાણા વિધાનસભા બેઠક માટે અતિતમાં યોજાયેલ ચૂંટણીઓ પર નજર કરીએ તો વર્ષ ૧૯૬૨માં કોંગ્રેસના શાંતાબેન પટેલ, વર્ષ ૧૯૬૭માં સ્વતંત્રતા પાર્ટીના કે.જે. યાજ્ઞિક, વર્ષ ૧૯૭૨માં કોંગ્રેસના દયાશંકર ત્રિવેદી, વર્ષ ૧૯૭૫માં કોંગ્રેસ (ઓર્ગેનાઈઝેશન)ના ભાવસિંહજી ઝાલા, વર્ષ ૧૯૮૦માં કોંગ્રેસ (ઈન્દીરા)ના ભાવસિંહજી ઝાલા, વર્ષ ૧૯૮૧ (બાય પોલ)માં કોંગ્રેસના રૂપકુંવરબા ભાવસિંહજી, વર્ષ ૧૯૮૫માં કોંગ્રેસના મણીલાલ પટેલ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ત્યારબાદ વર્ષ ૧૯૯૦માં ભાજપના ખોડાભાઈ પટેલ, વર્ષ ૧૯૯૫માં ભાજપાના ખોડાભાઈ પટેલ, વર્ષ ૧૯૯૮માં ભાજપના ખોડાભાઈ પટેલ, વર્ષ ૨૦૦૨માં ભાજપાના અનીલભાઈ પટેલ, વર્ષ ૨૦૦૭માં ભાજપાના અનીલભાઈ પટેલ તેમજ વર્ષ ૨૦૧૨માં ભાજપાના નીતિનભાઈ પટેલ ધારાસભ્ય બન્યા હતા.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

એવું સ્વામીદાદા (સ્વામી આનંદ)નું વિધાન હેતુપૂર્ણ છે. સમજ — સ્નેહ તથા સંવેદના ધરાવનારા સંતોએ લોકોના દિલ પર રાજ્ય કરેલું છે. આવા સંતોની હસ્તીનો પડછાયો ભાઈ 'સ્નેહી' પરમારે લખ્યું છે તેમ સમષ્ટિ પર પડે છે.

એનો પડછાયો સમષ્ટિમાં પડે, જે ધજા ભીતરમાં ખોડી હોય છે.

છેલભાઈએ થોડા શબ્દોમાં સંત શીરોમણી બજરંગદાસબાપાના વિરાટ વ્યક્તિત્વની ઝાંખી કરાવી છે. " બજરંગદાસબાપુની મઢીએ જઈને કોઈ ખૂણેખૂણામાં નજર કરે તો કયાંય દેવ-દેવી કે ઈશ્વરાવતારની મૂર્તિ કે છબીના દર્શન ન થાય. જેના ઘટઘટમાં વહાલો વિલસતો હોય એને રૂપરંગ મઢ્યા દેવ — દેવીઓનું શું કામ ?.. એકવાર કોઈ માતાજીના સુંદર ચિત્રવાળું કેલેન્ડર તેમની ઓરડીમાં મૂકી ગયું. બાપાની કેલેન્ડર પર નજર પડી એટલે તરતજ કહે : " વાલા ! આ માતાજીને જ્યાંથી લાવ્યાતા ત્યાંજ ત્યાંજ પાછા મૂકી આવો. અહીં આપણે પામર માનવી. આપણામાં અનેક એબ હોય. આપણાંથી એમની આમન્ય ન જળવાય મારા બાપલા ! "

## પ્રસંગસર

● ૪ પાનાનું ચાલુ...

મુસલમાનકા પીર કહેવાયા. નાનક પંજાબી ભાષાના મહાન કવિ હતા અને તેના કારણે પંજાબી ભાષા સમૃધ્ધ બની. ગુરુ નાનકની વાણી અને ધર્મગુરુઓની વાણી શીખોના ધર્મગ્રંથ ' ગ્રંથસાહેબ 'માં સંકલિત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ' માણસે પોતાનું મસ્તક મૂંડવવાની જરૂર નથી, મન મૂંડવવાની જરૂર છે. ' બધા ધર્મગુરુઓએ વાણીને અંતે પોતાનું નામ ન મૂકતાં પોતાના આધ્યગુરુ ' નાનક ' નું નામ મૂક્યું છે. ' દશમગ્રંથ' 'જપજી' અને ' સુખમની' એ શીખ ધર્મના અન્ય મહત્વના ગ્રંથો છે. નાનકે જયેષ્ઠને નહીં શ્રેષ્ઠને મહત્વ આપતા ગુરુગાદી પર પોતાના પુત્રને ન બેસાડતાં દોરડા વણતા પોતાના શિષ્ય ' લહના 'ને ' અંગદ' નામ આપી ગુરુગાદીએ બેસાડ્યા. ગુરુ અંગદે ' ગુરુમુખી' લિપિની રચના કરી.

ગુજરાતમાં જૂનાગઢ, વેરાવળ, પ્રભાસપાટણ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, ભૂજ ઉપરાંત નેપાળ, સિક્કિમ, ભૂતાન આદિ પ્રદેશોમાં ગયા.

## મનાઈ નહી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યકરો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં આધારને બેંક એકાઉન્ટ અને મોબાઈલ નંબર સાથે લિંક કરવા પર પ્રતિબંધ મુકવાનો આદેશ કેન્દ્ર સરકારને કરવાની માંગ કરવામાં આવી હતી. જ્યા સુધી બંધારણીય પીઠ દ્વારા તેની કાયદેસરતા પર કોઈ નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી હતી. આ બેંચ ટુંક સમયમાં જ આવી અરજીઓ ઉપર સુનાવણી હાથ ધરનાર છે જેમાં અંગતતાના અધિકારના ભંગની વાત કરીને આધારની કાયદેસરતાને પડકાર ફેંકવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારને એમ પણ કહ્યું હતું કે, તે કંપનીઓને મોબાઈલ નંબર અને બેંક એકાઉન્ટને આધાર સાથે લિંક કરવાની અંતિમ તારીખને લઈને આદેશો જારી કરે.

## પાટીદાર ચહેરો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટીદાર અનામત આંદોલન સમિતિના અને સરદાર પટેલ ગૃપના અનામત આંદોલનના પગલે રાજ્યમાં ઘેરી પરિસ્થિતિ સર્જાઈ હતી. ૨૫મી ઓગષ્ટે સ્ટેડિયમના મહા સંમેલન સમયે પોલીસ અત્યાચારના પગલે પાટીદારો છંછેડાયા હતા. અને આક્રમક બન્યા હતા. હાર્દિક સહિત અનેક યુવાનો જેલમાં ધકેલાયા હતા. જેનાથી પાટીદાર સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. બે વરસ સુધી આંદોલનને નજર અંદાજ કરી ભાજપની સરકારે કેટલાંક થીંગડા મારી મનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ શાંત લાગતો સમાજ ચૂંટણીના આગમન સાથે પુનઃ આક્રમક બનતા સરકાર હચમચી ગઈ છે. ચૂંટણી જાહેરાતના ત્રણ દિવસ પહેલા પાટીદાર સમાજના આગેવાનો સાથે ચર્ચાઓ કરી પાંચમાંથી ચાર માંગણીઓ સ્વીકારી લીધાની જાહેરાત કરાઈ હતી. પરંતુ પાસના આગેવાનો આ સમાધાન સ્વીકારવા તૈયાર નથી એમ જણાવી ભાજપ સામે દેકારાને પડકારા શરૂ કર્યા છે. પાટીદાર સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો છે, ત્યારે ભાજપ ભીંસમાં આવી છે.

આમ બદલાયેલી પરિસ્થિતિમાં પાટીદારોને મનાવી લેવા મુખ્યમંત્રી પદની ભેટ ધરવાનો છેલ્લો ઉપાય ભાજપ પાસે બચ્યો છે. અને રાજ્યમાં પરાજયથી બચવા પક્ષના પાટીદાર નેતાને મુખ્યમંત્રી પદનો ચહેરો હવે ચાર-પાંચ દિવસમાં જાહેર કરાશે તે લગભગ નિશ્ચિત છે. પક્ષમાં ચાલતા ચાર-પાંચ નામોમાં કેન્દ્રિય કૃષિ રાજ્યમંત્રી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ પુરૂષોત્તમ રૂપાલાનું નામ મોખરે છે. આખા ગુજરાતના કાર્યકરો સાથે ઘરોબો ધરાવતાં રૂપાલા પ્રભાવી વક્તા પણ છે. ગંભીર આક્ષેપોને હળવાશમાં લેવાનું કૌશલ્ય ધરાવતા પુરૂષોત્તમ રૂપાલા સંગઠનાત્મક પ્રવૃત્તિમાં માહિર ગણાય છે. તો બીજા કેન્દ્રિયમંત્રી મનસુખ માંડવીયાનું નામ પણ સૌરાષ્ટ્રના લેઉવા પાટીદાર સમાજમાં જોરશોરથી ગાજી રહ્યું છે. મીતભાષી મનસુખ માંડવીયા પણ પક્ષના સેંકડો કાર્યકરો સાથે સંપર્ક ધરાવે છે અને વહિવટમાં તેમની અસરકારકતા વખણાય છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નામ પણ રેશમાં છે. પક્ષમાં પાયાના કર્મઠ કાર્યકર અને ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજ પર જેમની મજબુત પક્કડ છે તેવા નીતિન પટેલ ભાજપના કદાવર નેતા છે. રાજ્યના અનેક વિભાગોમાં જેમના અસરકારક વહિવટથી પક્ષમાં અનોખો પ્રભાવ છે.સાથોસાથ સરકાર અને પક્ષના નાનામાં નાના નિર્ણયોમાં નીતિનભાઈની ભૂમિકા હંમેશા સકારાત્મક અને અસરકારક રહે છે. જેનાથી ધારાસભ્યો પ્રભાવિ છે. એવાજ એક પૂર્વ રાજ્ય ગૃહમંત્રી પ્રફુલ્લ પટેલનું નામ પણ સંઘના વર્તુળો દ્વારા સુચવાઈ રહ્યું છે. સંઘ સાથે નિકટનો ઘરોબો ધરાવતા પ્રફુલ્લ પટેલ હાલ દિવના વહિવટદાર તરીકે નિમાયા છે. જો કે ભાજપના વર્તુળોમાં તેમની સામે નારાજગી પણ છે.

મુખ્યમંત્રી પદ માટે ચર્ચાતા ચારેય પાટીદાર નામોમાં પણ અલગ અલગ સમીકરણો મંડાઈ રહ્યાં છે. સંઘ પ્રફુલ્લ પટેલની પસંદગી માટે આગ્રહ રાખે છે. જ્યારે આનંદીબેન પટેલનું જુથ નીતિનભાઈ અને મનસુખભાઈ માંડવીયામાંથી ગમે તે એક માટે આગ્રહી છે. જ્યારે અમિત શાહ જુથ પુરૂષોત્તમ રૂપાલા માટે મન બનાવીને બેઠુ છે. આખરી નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે લેશે તે નામની જાહેરાત કરાશે.

## હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'પણ ને બણ... તમે કરેલા વિકાસને જોવા તમે કહો છો એમ તમારાં ખાસ ચશ્મા પહેરવાં પડે, ખરૂને ?'

'હાસ્તો'

'શું હાસ્તો..? અરે વિકાસ તો નરીં આંખે દેખાય એવો હોવો જોઈએ... વિકાસ એવો નક્કર હોય કે એના વિશે કંઈ કહેવાની કે ગાજવાની જરૂર જ ન પડે... પ્રજા એનાં મીઠાં ફળ આપી સ્વયંભૂ જ વાહ... વાહ કરે અને વરસી પડે...'

'એટલે અમારે કંઈ બોલવાનું જ નહીં..?'

'બોલો... બોલવું એ તો રાજકારણીઓનો ગુણધર્મ છે. તમે બોલો ને બીજાય બોલે પણ માપમાં બોલાય, વિવેકપૂર્ણ રીતે બોલાય... પોતાની લીટી મોટી કરવામાં બીજાની લીટી ભૂંસી નાખવાની કુચેષ્ટા ન થઈ જાય તેનું ભાન રખાય એ જરૂરી છે...'

'જવા દો... તમારી આગળ કંઈ બોલવું નકામું છે...'

'અમારૂ પણ એ જ કહેવું છે... ચૂંટણીઓ ટાણે એકબીજાનાં લૂગડા ઉતારવાનું રહેવા દઈ, પ્રજાના હિતની વાતો થાય એવી સદબુદ્ધિ સદ્ગુરૂઓ અને શ્રીજી સૌને આપે એવી પ્રાર્થના કરીએ... અને આખરે તો એમાં જ સૌનું કલ્યાણ સમાયેલું છે... સાંભળો છો ને!!'

- નિમિત્ત માત્ર































